# JEE (Main) પરીક્ષા બાબતે

આપ સૌ જાણો છો કે આ વર્ષથી કેન્દ્ર સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં ઇજનેરી પ્રવેશ પ્રક્રિયામાં વિધ્યાર્થીઓને આપવી પડતી ઘણી બધી પ્રવેશ પરીક્ષાઓના બોજામાંથી મુક્ત કરી ક્રમશ: ઓછી પરીક્ષાઓ આપવી પડે અને વિધ્યાર્થીઓ પર પરીક્ષાનો માનસિક બોજો ઓછો થાય તેવા ઉદ્દેશ્યથી કેન્દ્ર દ્વારા CBSEના માધ્યમથી સંચાલિત AIEEE અને IIT ના પ્રવેશ માટે આપવી પડતી IIT-JEE ને બદલે JEE (Main) પરીક્ષા સૂચિત થયેલ છે. આપણી રાજ્ય સરકાર દ્વારા અગાઉ લેવામાં આવતી GUJCET પરીક્ષા ને બદલે આપણા રાજ્યમાં પણ આ સૂચિત JEE (Main) પરીક્ષામાં જોડાવાનું નક્કી કરવામાં આવેલ છે.

JEE (Main) પરીક્ષાની વિધ્યાર્થીઓ પર શું અસર પડશે તેના પર સૌની નજર છે. ઉપર જણાવ્યું તે મુજબ વિધ્યાર્થીઓને IIT-JEE, AIEEE અને GUJCET એ ત્રણ પરીક્ષાઓ આપવી પડતી હતી, પરીક્ષાની ફી ના બોજા ઉપરાંત પરીક્ષા આપવા માટે અમદાવાદ અને વડોદરા જેવા મોટા કેન્દ્રો પર જવું પડતું હતું અને આખા વેકેશન દરમ્યાન આ પરીક્ષાઓનો તણાવ રહેતો હતો. પરંતુ, JEE (Main)ના આવવાથી AIEEE અને GUJCET ને બદલે એકજ પરીક્ષા આપવી પડશે અને આ પરીક્ષા રાજ્યમાં ૧૫ જેટલા શહેરોમાં યોજાશે. વધુમાં તેનો અભ્યાસક્રમ ગત વર્ષ સુધી લેવાતી AIEEE જેવો જ છે અને તેમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનો સમાવેશ થાય છે. પરીક્ષાનું માળખું પણ AIEEE જેવું જ રહેશે અને જુન, ૨૦૧૧ થી ગુજરાતમાં બૉર્ડ દ્વારા દાખલ કરવામાં આવેલ અભ્યાસક્રમ CBSE ને સમકક્ષ હોઇ વિધ્યાર્થીઓને JEE (Main)માં મુશ્કેલી પડવાની સંભાવના નથી. વધુમાં ઘણા વાલીઓ અને વિધ્યાર્થીઓની એવી માંગણી છે કે ફક્ત ત્રીજા અને ચોથા સેમેસ્ટરના માર્ક્સજ એડમીશન માટે ગણતરીમાં લેવામાં આવે. જુન, ૨૦૧૧માં ધોરણ-૧૧માં પ્રવેશ મેળવનાર વિધ્યાર્થીઓ માટે બે વર્ષના ચાર સેમેસ્ટરના માર્કસનું સરખું ભારાંક ગણી પરિણામ આપવાની બાબત નક્કી કરવામાં આવેલ, જેના મુખ્ય હેતુ એ હતો કે સમગ્ર દેશ જ્યારે એન્જિનીયરીંગ માટે એક સમાન પ્રવેશ પરીક્ષા લેવાની વાત હોય ત્યારે તેમાં વિધ્યાર્થીઓની વિજ્ઞાન અને ગણિતની સમગ્ર સમજને ચકાસવામાં આવતી હોય છે, નહીં કે ધોરણ-૧૨ના વિજ્ઞાનનો પાઠ્યક્રમ. આપણાં વિધ્યાર્થીઓ કે જે જુદા જુદા સેમેસ્ટરમાં હેતુલક્ષી અને વર્ણનાત્મક એમ બન્ને પ્રકારના પ્રશ્નોથી ટેવાયેલા છે અને તેમને કુલ અભ્યાસક્રમ માટે બે વર્ષ જેટલો સમય મળેલ છે તેથી તેમને તકલીફ પડવાની કોઇ સંભાવના જણાતી નથી. રાજ્યમાંથી છેલ્લા બે વર્ષથી આશરે ૫૦,૦૦૦ કરતાં વધુ વિધ્યાર્થીઓ AIEEEની પરીક્ષા આપતા હતા અને તે પણ અંગ્રેજી અથવા હિન્દી માધ્યમમાં. આથી રાજ્યના મોટા ભાગના વિધ્યાર્થીઓ આ પરીક્ષાના પ્રશ્નપત્રો, તેના માળખા વગેરેથી સુપરિચિત છે જ અને વધુમાં આ પરીક્ષા ગુજરાતીમાં પણ ઉપલબ્ધ થવાથી વિધ્યાર્થીઓની રહીસહી મુશ્કેલી પણ દૂર થશે.

આપ સૌને JEE (Main) પરીક્ષા અંગે ઘણા બધા સવાલો હશે. આ પરીક્ષામાં ધ્યાને રાખવા જેવા મુદ્દાઓ નીચે મુજબ છે.

- રાજ્યમાં ઇજનેરી વિધ્યાશાખામાં પ્રવેશ માટે JEE (Main) પરીક્ષા આપવી ફરજિયાત રહેશે અને આ વિધ્યાશાખામાં પ્રવેશ માટે GUJCET પરીક્ષા હવે લેવામાં આવશે નહી.
- NIT, IIIT અને IIT જેવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓના પ્રવેશ માટે પણ આ જ પરીક્ષા આપવાની રહેશે. JEE (Main)ના દેશભરના પ્રથમ ૧,૫૦,૦૦૦ જેટલા વિધ્યાર્થીઓ (કેટેગરી વાઇઝ) IIT ના પ્રવેશ માટે આ વર્ષથી લેવામાં આવનાર JEE (Advance) પરીક્ષામાં બેસવાને લાયક ઠરશે.
- JEE (Main) પરીક્ષા માટેની અરજી ઇન્ટરનેટના માધ્યમથી ઓનલાઇન www.jeemain.nic.in વેબસાઇટ પરથી કરવાની રહેશે. આ માટેનો સમયગાળો ૦૮/૧૧/૨૦૧૨ થી ૧૫/૧૨/૨૦૧૨ નક્કી થયેલ છે.
- ઓનલાઇન અરજી કર્યા બાદ કોમ્પ્યુટર દ્વારા જનરેટેડ કન્ફર્મેશન પેઇજ તા.૨૬/૧૨/૨૦૧૨ પહેલા લાગુ પડતી ફી સાથે નીચેના સરનામે મોકલવાનું રહેશે.

**Executive Director**
**JEE (Main) Secretariat**
Central Board of Secondary Education,
PS-1-2, Institutional Area, I.P.Extn.
Patparganj,
Delhi-110 092.

- કન્ફરમેશન પેઇજ સાથે યોગ્ય જગ્યાએ જરૂરીયાત મુજબનો ફોટો, અંગુઠાની છાપ, સહી, વાલીની સહી અને અન્ય જરૂરીયાતો જે ઇન્ફર્મેશન બુલેટીનમાં દર્શાવેલ છે તેનું ધ્યાન રાખી મોકલવાનું રહેશે.
- JEE (Main) પરીક્ષાના બે પેપર રહેશે. પેપર-૧ એ ઇજનેરી વિધ્યાશાખાના પ્રવેશ માટે તેમજ પેપર-૨ એ B.Arch./B. Planning માટે રહેશે.
- વિધ્યાર્થીઓ અંગ્રેજી, હિન્દી કે ગુજરાતી માંથી કોઇ પણ એક પરીક્ષાનું માધ્યમ પસંદ કરે શકશે.
- પરીક્ષા માટે બે માંથી કોઇ પ્રકારની પસંદગી કરવાની રહેશે. (૧) પેન અને પેપર (૨) કોમ્પ્યુટર બેઇઝ્ડ પરીક્ષા. બન્નેનો સમયગાળો ત્રણ કલાકનો રહેશે.
- પેન અને પેપર બેઇઝ્ડ પરીક્ષા તા.૦૭/૦૪/૨૦૧૩ના રોજ અને કોમ્પ્યુટર બેઇઝ્ડ પરીક્ષા તા.૦૮/૦૪/૨૦૧૩ થી ૨૫/૦૪/૨૦૧૩ દરમ્યાન લેવામાં આવશે.
- પેન અને પેપર બેઇઝ્ડ પરીક્ષા ગુજરાતમાં નીચે મુજબના કેન્દ્રો પર લેવાશે
    1. આણંદ
    2. ભૂજ

3. ગાંધીનગર
4. ગોધરા
5. હિંમતનગર
6. જામનગર
7. નવસારી
8. વલસાડ
9. વેજલપુર (અમદાવાદ ગ્રામ્ય)

- કોમ્પ્યુટર બેઇઝ્ડ પરીક્ષા ગુજરાતમાં નીચે મુજબના કેન્દ્રો પર લેવાશે
    1. અમદાવાદ
    2. ભાવનગર
    3. જુનાગઢ
    4. રાજકોટ
    5. સુરત
    6. વડોદરા
- પરીક્ષાનું માધ્યમ અને પરીક્ષા કેન્દ્ર અરજી સબમીટ કર્યા બાદ બદલી શકાશે નહી
- પરીક્ષામાં કેલ્ક્યુલેટર અને ફોન જેવા સંચાર ઉપકરણોનો ઉપયોગ કરી શકશે નહી
- પરીક્ષામાં લેખન મદદનીશ ( amanuensis) ના ઉપયોગ માટેના નિયમો ઇન્ફર્મેશન બુલેટીનમાં આપવામાં આવેલ છે.

<u>એડમીશન (પ્રવેશ)</u>

- રાજયની જીટીયુ સાથે સંલગ્ન ઇજનેરી સંસ્થાઓ, અનુદાનિત ઇજનેરી સંસ્થાઓ તેમજ ખાનગી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે JEE (Main) પરીક્ષામાં મેળવેલ પર્સેન્ટાઇલ માર્ક્સના ૫૦% ભારણ તેમજ સંલગ્ન બૉર્ડની પરીક્ષાના ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર તેમજ ગણિતશાસ્ત્ર વિષયોમાં મેળવેલ પર્સેન્ટાઇલ માર્ક્સના ૫૦% ભારણ મળીને તેને આધારે તૈયાર કરવામાં આવેલ મેરીટ લીસ્ટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.
- NITs તેમજ IIITs માટે JEE (Main) પરીક્ષામાં મેળવેલ પર્સેન્ટાઇલ માર્ક્સના ૬૦% ભારણ તેમજ ધોરણ-૧૨માં અથવા સમકક્ષ પરીક્ષામાં મેળવેલ પર્સેન્ટાઇલ માર્ક્સના ૪૦% ભારણ મળીને તેને આધારે તૈયાર કરવામાં આવેલ મેરીટ લીસ્ટ મુજબ પ્રવેશ આપવામાં આવશે. આ સંસ્થાઓના B.E./B.Tech. અને B.Arch./B.Planning માં પ્રવેશ મેળવવા માટે અલગ રેન્ક લીસ્ટ તૈયાર કરવામાં આવશે જે અંગેની અધ્યતન માહિતી માટે કોમન કાઉન્સેલીંગની વેબસાઇટ પર ઉપ્લબ્ધ રહેશે.
- IIT માટે JEE (Main)ના આશરે પ્રથમ ૧,૫૦,૦૦૦ વિધ્યાર્થીઓ (કેટેગરી વાઇઝ) JEE (Advance) પરીક્ષામાં ભાગ લઇ શકશે અને JEE (advance)ના મેરીટ મુજબ IITમાં

પ્રવેશને પાત્ર બનશે. આ વિધ્યાર્થીઓ પોતાના જે તે બોર્ડમાં પ્રથમ ૨૦ પર્સેન્ટાઇલમાં (૮૦ થી ૧૦૦ ની વચ્ચે) હોવા જરૂરી છે. વધુ (અધ્યતન) માહિતી JEE (Advance)ની વેબસાઇટ પર ઉપલબ્ધ રહેશે.

**<u>પરીક્ષામાં બેસવા માટેની લાયકાત</u>**

- વિધ્યાર્થી ૧ ઑક્ટોબર, ૧૯૮૮ બાદ જન્મેલો હોવો જોઇએ. અનામત કક્ષાના વિધ્યાર્થીઓ માટે આ તારીખ ૧ ઑક્ટોબર, ૧૯૮૩ રહેશે.
- વિધ્યાર્થી ૨૦૧૧ /૨૦૧૨ માં qualifying exam ઉત્તિર્ણ થયેલ હોવો જોઇએ અથવા ૨૦૧૩માં પરીક્ષા આપનાર હોવો જોઇએ. માન્ય qualifying exam નું લીસ્ટ ઇન્ફર્મેશન બુલેટીનમાં ઉપલબ્ધ છે.
- અન્ય માહિતી માટે ઇન્ફર્મેશન બુલેટીનનો અભ્યાસ સૂચિત છે.